For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

માંજલપુર પેટાચૂંટણી માટે તંત્ર સજ્જ, ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધી ટક્કર

# કાલે માંજલપુર પેટાચૂંટણી : ૨.૧૯ લાખ મતદારો મતદાન કરશે, તમામ મથકો પર વેબકાસ્ટિંગ

ભાજપના સતિષ પટેલ અને કોંગ્રેસના ભીખાભાઈ રબારી વચ્ચે સીધી ચૂંટણી જંગ

**૧૦૭ લોકોએ** ઘરેથી મતદાન કર્યું : સુરક્ષા માટે CAPF સહિત પોલીસનો ચુસ્ત બંદોબસ્ત

**મતદાન** વધારવા SVEEP હેઠળ કોલેજ કેમ્પેન, સેલ્ફી પોઈન્ટ અને જાગૃતિ અભિયાન

**દિવ્યાંગ** અને વરિષ્ઠ નાગરિકો માટે હોમ વોટિંગ સહિત ખાસ સુવિધાઓ ઉપલબ્ધ

(પ્રતિનિધિ) વડોદરા, તા. ૨૮

માંજલપુર વિધાનસભા પેટાચૂંટણી-૨૦૨૬ માટે ચૂંટણી તંત્રે તમામ તૈયારીઓ પૂર્ણ કરી છે. નામાંકન, ચકાસણી અને ઉમેદવારી પરત ખેંચવાની પ્રક્રિયા બાદ હવે મુખ્ય મુકાબલો ભારતીય જનતા પાર્ટીના સતેન્દ્ર પટેલ અને કોંગ્રેસના ભીખાભાઈ રબારી વચ્ચે થશે.

આ બેઠકમાં કુલ ૨,૧૯,૪૯૪ મતદારો નોંધાયેલા છે. તેમાં ૧,૧૧,૬૪૫ પુરુષ, ૧,૦૭,૮૪૭ મહિલા અને ૨ અન્ય મતદારોનો સમાવેશ થાય છે. ASD યાદીમાં સમાવાયેલા ૩,૮૧૨ મતદારો માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. દિવ્યાંગ અને વરિષ્ઠ નાગરિકો માટે મંજૂર થયેલા ૧૧૬ ફોર્મમાંથી ૧૦૭ મતદારોએ ઘરેથી મતદાનનો લાભ લીધો છે.

મતવિસ્તારમાં **૨૫૦ મતદાન મથકો** પર મતદાન યોજાશે. તમામ મથકો પર ૧૦૦ ટકા વેબકાસ્ટિંગ માટે ૫૨૦ કેમેરા ગોઠવાયા છે અને ૪૦ અધિકારીઓની ટીમ લાઈવ મોનિટરિંગ કરશે. શ્રેયસ વિદ્યાલય ખાતે મોડેલ અને યુવા બુથ તેમજ ભારતીય વિદ્યા ભવનમાં સખી અને PWD બુથ બનાવવામાં આવ્યા છે. ચૂંટણીને નિષ્પક્ષ બનાવવા EVM-VVPAT અને સ્ટાફનું રેન્ડમાઈઝેશન પૂર્ણ કરવામાં આવ્યું છે. જનરલ, પોલીસ અને ખર્ચ નિરીક્ષકો ઉપરાંત ૧૮ નોડલ અધિકારીઓ પણ કામગીરી પર નજર રાખશે. વરસાદી પરિસ્થિતિને ધ્યાનમાં રાખી ક્વિક રિસ્પોન્સ ટીમ અને ડી-વોટરિંગ સાધનો તૈયાર રાખવામાં આવ્યા છે. કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે પોલીસ, હોમગાર્ડ, CAPF અને SRPFના જવાનો તૈનાત કરાયા છે. મતદાનની ટકાવારી વધારવા માટે SVEEP હેઠળ કોલેજ કેમ્પેન, સાયકલ રેલી, સેલ્ફી પોઈન્ટ, સામાજિક-ધાર્મિક આગેવાનોની બેઠકો અને સોશિયલ મીડિયા મારફતે મતદાન જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.

## પ્રચારના અંતિમ દિવસે શક્તિપ્રદર્શન ભાજપની પદયાત્રા સામે કોંગ્રેસની સંકલ્પ રેલી

**ભાજપ** અને કોંગ્રેસ બંને પક્ષોએ મતદારોને રીઝવવા માટે અંતિમ ક્ષણો સુધી એડીચોટીનું જોર લગાવ્યું

(પ્રતિનિધિ) વડોદરા તા.28

વડોદરાની માંજલપુર વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે મંગળવારે ચૂંટણી પ્રચારનો અંતિમ દિવસ ભારે રાજકીય ગરમાવો વચ્ચે પૂર્ણ થયો હતો. મતદારોને પોતાની તરફ આકર્ષવા માટે ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસે જોરદાર શક્તિપ્રદર્શન કર્યું હતું. ભાજપે ભવ્ય પદયાત્રા યોજી વિકાસના મુદ્દે મત માગ્યા હતા, જ્યારે કોંગ્રેસે 'સંકલ્પ રેલી' યોજીને સ્થાનિક પ્રશ્નોને કેન્દ્રમાં રાખી પ્રચાર કર્યો હતો. પ્રચારના પડઘમ શાંત થતાં હવે તમામ ઉમેદવારોનું રાજકીય ભવિષ્ય ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM)માં કેદ થવા જઈ રહ્યું છે.

પૂર્વ ધારાસભ્ય અને રાજ્યના પૂર્વ મંત્રી સ્વ. યોગેશ પટેલના અવસાન બાદ ખાલી પડેલી આ બેઠક બંને પક્ષો માટે પ્રતિષ્ઠાનો જંગ બની છે. ભાજપના ઉમેદવાર સતીષ પટેલના સમર્થનમાં યોજાયેલી પદયાત્રામાં મોટી સંખ્યામાં હોદ્દેદારો, કાર્યકરો અને સ્થાનિક નાગરિકો જોડાયા હતા. ભાજપના નેતાઓએ વિકાસના કામો, સ્વ. યોગેશ પટેલની રાજકીય વિરાસત અને અધૂરા વિકાસકાર્યો પૂર્ણ કરવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. સાથે જ માંજલપુરની જનતા ફરી એકવાર ભાજપ પર વિશ્વાસ વ્યક્ત કરશે અને ભારે બહુમતીથી જીત અપાવશે એવો દાવો પણ કરવામાં આવ્યો હતો.

બીજી તરફ કોંગ્રેસના ઉમેદવાર ભીખાભાઈ રબારીના સમર્થનમાં યોજાયેલી સંકલ્પ રેલીમાં સ્થાનિક સમસ્યાઓને મુખ્ય ચૂંટણી મુદ્દો બનાવવામાં આવ્યો હતો. કોંગ્રેસે પીવાના ગંદા પાણી, ખરાબ રસ્તાઓ, ઉભરાતી ગટરો, ટ્રાફિકની સમસ્યા અને સ્માર્ટ સિટી યોજનાના અમલ અંગે સત્તાધારી પક્ષની ટીકા કરી હતી. કોંગ્રેસના નેતાઓએ મતદારોને પરિવર્તન માટે મતદાન કરવાની અપીલ કરી હતી. માંજલપુર બેઠક માટે 30 જુલાઈએ મતદાન યોજાશે. ચૂંટણી તંત્રે શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ મતદાન માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી દીધી છે. હવે પ્રચાર બંધ થતાં બંને પક્ષો બૂથ મેનેજમેન્ટ અને મતદારો સાથેના અંતિમ સંપર્ક પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. આ ચૂંટણીનું પરિણામ 3 ઓગસ્ટે જાહેર થશે, જેના પર સૌની નજર મંડાઈ છે.

મતદાન પૂર્ણ ન થાય ત્યાં સુધી પ્રિન્ટ અને ઇલેક્ટ્રોનિક મીડિયાને ચૂંટણી પંચની કડક સૂચના

## ૩૦ જુલાઈએ એક્ઝિટ પોલ પર પ્રતિબંધ, ઓપિનિયન પોલ પણ નહીં દર્શાવી શકાય

**નિયમોનો** ભંગ કરનારને 2 વર્ષ સુધીની જેલ, દંડ અથવા બંનેની સજાની જોગવાઈ


(પ્રતિનિધિ) વડોદરા, તા. 28

ભારતના ચૂંટણી પંચે 145-માંજલપુર વિધાનસભા બેઠકની પેટાચૂંટણીને લઈને એક્ઝિટ પોલ અને ઓપિનિયન પોલ અંગે મહત્વની માર્ગદર્શિકા જાહેર કરી છે. ચૂંટણી પંચના આદેશ મુજબ 30 જુલાઈ, 2026ના રોજ સવારે 7થી સાંજે 6:30 વાગ્યા સુધી કોઈપણ પ્રિન્ટ, ઈલેક્ટ્રોનિક કે અન્ય માધ્યમ દ્વારા એક્ઝિટ પોલ અથવા તેના પરિણામોનું પ્રસારણ કે પ્રકાશન કરી શકાશે નહીં.

આ ઉપરાંત, મતદાન પૂર્ણ થવાના 48 કલાક અગાઉ કોઈપણ પ્રકારના ઓપિનિયન પોલ અથવા ચૂંટણી સંબંધિત સર્વેક્ષણના પરિણામો પણ જાહેર કરવા પર પ્રતિબંધ રહેશે. ચૂંટણી પ્રક્રિયાની નિષ્પક્ષતા અને પારદર્શિતા જળવાઈ રહે તે માટે ચૂંટણી પંચે તમામ મીડિયા સંસ્થાઓને આ સૂચનાઓનું કડક પાલન કરવા જણાવ્યું છે. નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, 1951 હેઠળ કાર્યવાહી થશે, જેમાં 2 વર્ષ સુધીની જેલ, દંડ અથવા બંનેની સજાની જોગવાઈ છે.

બનાવટી સર્ક્યુલર વાયરલ થયા બાદ યુનિવર્સિટીનું સ્પષ્ટીકરણ

## એમએસયુમાં બુધવારે કોઈ રજા નથી, સર્ક્યુલર ફેક : તમામ કામકાજ યથાવત



(પ્રતિનિધિ) વડોદરા, તા.28

સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા, ભારે વરસાદના કારણે 29 જુલાઈએ રજાના બનાવટી સર્ક્યુલરને લઈને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાએ સ્પષ્ટતા કરી છે કે કોઈ રજા જાહેર થઈ નથી.

એમ.એસ. યુનિવર્સિટી દ્વારા 28 જુલાઈના રોજ જાહેર કરાયેલા સ્પષ્ટીકરણમાં જણાવાયું છે કે તા.28 જુલાઈ 2026ની તારીખ સાથેનો જે સર્ક્યુલર વાયરલ થઈ રહ્યો છે, જેમાં 29 જુલાઈ 2026ના રોજ તમામ શૈક્ષણિક અને સંલગ્ન પ્રવૃત્તિઓ સ્થગિત કરવાની વાત કરવામાં આવી છે, તે સંપૂર્ણપણે બનાવટી અને ખોટો છે. આવો કોઈ સર્ક્યુલર યુનિવર્સિટી દ્વારા જારી કરવામાં આવ્યો નથી. યુનિવર્સિટીએ તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો, કર્મચારીઓ અને અન્ય હિતધારકોને જાણ કરી છે કે 29 જુલાઈ 2026ના રોજ કોઈ રજા નથી. યુનિવર્સિટીના તમામ કેમ્પસ, કોલેજો, ઓફિસો, વિભાગો, પરીક્ષાઓ અને અન્ય પ્રવૃત્તિઓ નિર્ધારિત સમય મુજબ ચાલુ રહેશે. યુનિવર્સિટીના ઓએસડી પ્રો. હિતેષ ડી. રાવિયાએ સૌને અપીલ કરી છે કે આવી કોઈ બનાવટી માહિતીને ફોરવર્ડ ન કરો. માત્ર યુનિવર્સિટીની સત્તાવાર વેબસાઈટ અને સત્તાવાર ચેનલો દ્વારા જાહેર કરવામાં આવેલી જાહેરાતો પર જ વિશ્વાસ રાખો.

1 ઓગસ્ટથી તત્કાલ ટિકિટના નવા નિયમો અમલમાં

## AC અને નોન-AC માટે ટોકન સમય બદલાયો, બે પ્રાથમિકતા શ્રેણી લાગુ થશે

**પરિવાર** માટે ટિકિટ બુક કરાવનારને પ્રથમ તક, ટોકન ટ્રાન્સફર કરી શકાશે નહીં

(પ્રતિનિધિ) વડોદરા,તા.28

પશ્ચિમ મધ્ય રેલવે એ તત્કાલ ટિકિટ બુકિંગ પ્રક્રિયાને સરળ અને ભીડમુક્ત બનાવવા માટે 1 ઓગસ્ટથી ટોકન ટાઈમિંગમાં ફેરફાર કરવાની સાથે બે પ્રાથમિકતા શ્રેણી લાગુ કરવાની જાહેરાત કરી છે. આ નવા સિસ્ટમથી મુસાફરોને રેલવે રિઝર્વેશન કાઉન્ટર પર વારંવાર જવાની જરૂરિયાત સમાપ્ત થઈ જશે.

રેલવે અધિકારીઓના જણાવ્યા અનુસાર, તત્કાલ બુકિંગની સાથે જ ટોકનનું વિતરણ નિશ્ચિત સમયે કરવામાં આવશે જેથી મુસાફરોની સુવિધામાં વધારો થાય. નવી ટાઈમિંગ મુજબ, AC ક્લાસ માટે ટોકન સવારે 8:30 થી 9 વાગ્યા સુધી અને નોન-AC ક્લાસ માટે ટોકન સવારે 9 થી 9:30 વાગ્યા સુધી આપવામાં આવશે. હાલમાં AC કોચ માટે તત્કાલ ટોકન સવારે 9 થી 9:25 વાગ્યાની વચ્ચે અને સ્લીપર ક્લાસ માટે 9:30 થી 9:55 વાગ્યાની વચ્ચે મળતા હતા. નવા નિયમો અનુસાર, દરેક રિઝર્વેશન કાઉન્ટર પર AC ક્લાસ માટે 10 અને નોન-AC ક્લાસ માટે 15 ટોકન ઈશ્યૂ કરવામાં આવશે. સ્થાનિક જરૂરિયાત અને ભીડને ધ્યાનમાં રાખીને ટોકનની સંખ્યા ઘટાડી કે વધારી શકાય છે. તમામ ટોકનધારકોની બુકિંગ પૂર્ણ થયા બાદ બચેલી તત્કાલ સીટો અન્ય મુસાફરોને પહેલા આવો, પહેલા પાઓના ધોરણે આપવામાં આવશે. ઝોનલ રેલવેએ તત્કાલ ટોકન વિતરણ માટે A અને B એમ બે પ્રાથમિકતા શ્રેણી શરૂ કરી છે. શ્રેણી Aમાં પોતાના કે પોતાના પરિવારના સભ્યો માટે ટિકિટ બુક કરનારા મુસાફરોને પ્રાથમિકતા મળશે. શ્રેણી Bમાં બાકીના તમામ મુસાફરોનો સમાવેશ થાય છે, જેમને શ્રેણી Aની તમામ બુકિંગ પૂર્ણ થયા પછી જ ટિકિટ બુક કરવાનો મોકો મળશે. શ્રેણી A હેઠળ ટિકિટ બુક કરાવનારા મુસાફરોએ પોતાનું વેલિડ ફોટો ID કાર્ડ અને સંબંધ સાબિત કરતો પરિવારના સભ્યનો માન્ય ઓળખપત્ર સાથે રાખવો ફરજિયાત રહેશે. અધિકારીઓએ સ્પષ્ટતા કરી છે કે જારી કરાયેલ ટોકન અન્ય વ્યક્તિને આપી શકાશે નહીં. ટિકિટ ફક્ત એ જ વ્યક્તિને જારી કરવામાં આવશે જેના નામે ટોકન જારી કરાયું છે. મુસાફરોને સલાહ આપવામાં આવી છે કે તેઓ નિર્ધારિત સમયે રિઝર્વેશન સેન્ટર પહોંચે અને પોતાની સાથે માન્ય ફોટો ઓળખપત્ર રાખે.

## જેલમાંથી માથાભારે હુસેન સુન્નીએ બાવડામાં સંતાડેલો મોબાઈલ મળ્યો

**મધ્યસ્થ** જેલની બેરેકમાં થયેલી ઝડતીમાં કાચા આરોપી પાસેથી સીમકાર્ડ વિનાનો મોબાઇલ જપ્ત

(પ્રતિનિધિ) વડોદરા તા.28

વડોદરા મધ્યસ્થ જેલમાં સુરક્ષા વ્યવસ્થાને પડકારતી વધુ એક ઘટના સામે આવી છે. જેલ તંત્રની અચાનક થયેલી ઝડતી દરમિયાન કાચા કામના કેદી કાસમ આલા ગેંગના મુખ્ય સૂત્રધાર હુસેન સુનીના હાથના બાવડામાં સંતાડેલો મોબાઈલ ફોન મળી આવતા અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા. જેલમાં આ મોબાઈલ પહોંચ્યો કેવી રીતે અને તેની પાછળ કોણ જવાબદાર છે તે મુદ્દે હવે તપાસનો ધમધમાટ શરૂ થયો છે.

વડોદરા મધ્યસ્થ જેલમાં તા. 27 જુલાઈના રોજ સાંજે આશરે 5:05 વાગ્યે યાર્ડ નં. 11ની બેરેક નં. 4માં જેલ અધિકારીઓ અને સ્થાનિક ઝડતી સ્ક્વોડ દ્વારા સંયુક્ત તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન કાચા આરોપી કાસમાલા ગેંગના મુખ્ય સૂત્રધાર હુસન કાદરમિયા સુન્નીની અંગઝડતી કરવામાં આવતા તેના ડાબા હાથના બાવડામાં રબરથી બાંધીને સંતાડેલો કેચાડા કંપનીનો ગોલ્ડન કલરનો સીમકાર્ડ વગરનો મોબાઈલ ફોન અને તેની બેટરી મળી આવ્યો હતી. જેલ સ્ટાફે તાત્કાલિક મોબાઈલ કબજે કરી તેની વિગતો નોંધી હતી. આ બનાવ અંગે જેલર દ્વારા રાવપુરા પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે આરોપી સામે પ્રિઝન એક્ટની સંબંધિત કલમો તેમજ પોલીસ કમિશનરના જાહેરનામાના ભંગ બદલ ગુનો નોંધ્યો છે. હવે પોલીસ અને જેલ તંત્ર એ દિશામાં તપાસ કરી રહ્યા છે કે પ્રતિબંધિત મોબાઈલ જેલની અંદર કોણે પહોંચાડ્યો, તેનો ઉપયોગ કોની સાથે સંપર્ક સાધવા માટે થતો હતો અને તેની પાછળ કોઈ સંગઠિત નેટવર્ક તો કાર્યરત નથી ને? આ તપાસમાં અનેક મહત્વના ખુલાસા થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## શહેરમાં ૪ દિવસ બાદ સૂર્ય દેવતાએ દર્શન દેતાં બફારો વધ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા. 28

હવામાન વિભાગની આગાહી મુજબ આગામી એક સપ્તાહ વડોદરા શહેર અને જિલ્લામાં વરસાદી માહોલ રહેશે. ખાસ કરીને 31 જુલાઈ અને 1 ઓગસ્ટે ભારેથી અતિભારે વરસાદની શક્યતાને પગલે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ દરમિયાન 30થી 40 કિમીની ઝડપે પવન ફૂંકાવા અને વીજળીના કડાકા સાથે વરસાદ વરસવાની સંભાવના છે.

ગત 24 કલાકમાં શહેરનું મહત્તમ તાપમાન 32.6 ડિગ્રી અને લઘુત્તમ 26.4 ડિગ્રી નોંધાયું હતું. 30 જુલાઈએ ભારે વરસાદની પણ આગાહી કરવામાં આવી છે, જ્યારે 2 ઓગસ્ટ બાદ વરસાદનું જોર ઘટવાની શક્યતા છે.

જિલ્લા કંટ્રોલ રૂમના આંકડા મુજબ મંગળવારે માત્ર વડોદરા તાલુકામાં 1 મીમી વરસાદ નોંધાયો હતો અને જિલ્લાનો સરેરાશ વરસાદ 0.13 મીમી રહ્યો હતો. ચાલુ સિઝનમાં શિનોર તાલુકામાં સૌથી વધુ 474 મીમી વરસાદ નોંધાયો છે.

મકરપુરાની ભારતીય વિદ્યા ભવન સામે વાલીઓનો ફરી વિરોધ

## 'ફી ન ભરો તો સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ નહીં' નો વાલીઓનો આક્ષેપ

**દસ દિવસમાં** કાર્યવાહી ન થતાં વાલીઓમાં રોષ, શાળા સંચાલન સામે કડક કાર્યવાહીની માંગ




(પ્રતિનિધિ) વડોદરા,તા.28

વડોદરાના મકરપુરા સ્થિત ભારતીય વિદ્યા ભવન સ્કૂલના વાલીઓએ જિલ્લા શિક્ષણ અધિકારી (ડીઈઓ) કચેરી અને વડોદરા પેરેન્ટ્સ એસોસિએશનને ફરી લેખિત રજૂઆત કરીને શાળા સંચાલન સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

વાલીઓના જણાવ્યા મુજબ, અગાઉ 10 જુલાઈએ મૌખિક અને 15 જુલાઈએ લેખિત ફરિયાદ સાથે તમામ પુરાવા રજૂ કરવામાં આવ્યા હતા. તેમ છતાં અત્યાર સુધી કોઈ કાર્યવાહી કે શાળા તરફથી જવાબ મળ્યો નથી.

વાલીઓએ આક્ષેપ કર્યો છે કે શાળાએ સત્તાવાર એપ કે વેબસાઈટના બદલે શિક્ષકો મારફતે વિદ્યાર્થીઓને જાણ કરી હતી કે એલાઈડ એક્ટિવિટી ફી અને સંમતિપત્ર નહીં ભરનાર વિદ્યાર્થીઓને 15 ઓગસ્ટ સહિતના સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લેવા દેવામાં આવશે નહીં. ડાન્સ અને રમતગમત માટે પસંદ થયેલા વિદ્યાર્થીઓને પણ બહાર રાખવાની ચેતવણી અપાઈ હોવાનું વાલીઓનું કહેવું છે. વાલીઓના મતે, બાળકો પર માનસિક દબાણ લાવી ફી વસૂલવાનો પ્રયાસ થઈ રહ્યો છે. સમગ્ર મામલે નિયમો મુજબ તપાસ કરીને શાળા સંચાલન સામે તાત્કાલિક અને કડક કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.

વડોદરા કોર્પોરેશનમાં પ્રથમવાર ડ્રેસ કોડનો અમલ

## રિવ્યૂ બેઠકમાં તમામ અધિકારીઓ વ્હાઈટ શર્ટ અન બ્લુ પેન્ટમાં હાજર

**કમિશનરે** વિકાસકામો સમયસર અને ગુણવત્તા સાથે પૂર્ણ કરવા કડક સૂચના આપી



(પ્રતિનિધિ) વડોદરા, તા. 28

વડોદરા મહાનગરપાલિકાની ખંડેરાવ માર્કેટ સ્થિત મુખ્ય કચેરીમાં આજે યોજાયેલી ઉચ્ચસ્તરીય રિવ્યૂ બેઠકમાં પ્રથમ વખત તમામ વિભાગીય અધિકારીઓ એકસરખા ડ્રેસ કોડમાં ઉપસ્થિત રહ્યા હતા. મ્યુનિસિપલ કમિશનરના નિર્દેશ મુજબ અધિકારીઓએ વ્હાઈટ શર્ટ, બ્લુ પેન્ટ અને બ્લેક શૂઝ પહેરી બેઠકમાં હાજરી આપતા કચેરીમાં શિસ્ત અને એકરૂપતાનો નવો માહોલ જોવા મળ્યો હતો.

મ્યુનિસિપલ કમિશનરે કચેરીમાં વ્યાવસાયિક કાર્યસંસ્કૃતિ, સમાનતા અને શિસ્ત જળવાઈ રહે તે હેતુથી ડ્રેસ કોડ અમલમાં મૂક્યો હોવાનું જણાવાયું છે. એકસરખા ગણવેશમાં ઉપસ્થિત અધિકારીઓને કારણે બેઠક વધુ સુવ્યવસ્થિત અને અસરકારક બની હોવાનું પાલિકા વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. બેઠક દરમિયાન શહેરના વિકાસકામો, વરસાદી પરિસ્થિતિ, માર્ગ-ગટર, પાણી પુરવઠો, સ્વચ્છતા અને અન્ય પ્રજાલક્ષી મુદ્દાઓની વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. કમિશનરે દરેક વિભાગના વડાઓ પાસેથી કામગીરીનો અહેવાલ મેળવી બાકી રહેલા કામો ઝડપથી પૂર્ણ કરવા સૂચના આપી હતી.

સયાજી હોસ્પિટલમાં પેટલાદના દર્દીની સારવાર, તંત્ર દ્વારા પાવડર છંટકાવ શરૂ

## વડોદરામાં ચોમાસા વચ્ચે કોવિડ-સ્વાઈન ફ્લૂની ચર્ચા, આરોગ્ય વિભાગે સતર્કતા વધારી

**ખાનગી** હોસ્પિટલોમાં શ્વસન ચેપના દર્દીઓની સારવાર ચાલી રહી હોવાની ચર્ચા, પાલિકાએ વધારી આરોગ્ય કામગીરી

(પ્રતિનિધિ) વડોદરા, તા. 28

વડોદરા શહેરમાં ચોમાસાની શરૂઆત સાથે કોવિડ અને સ્વાઈન ફ્લૂના કેસોને લઈને ચર્ચા તેજ બનતા નાગરિકોમાં ચિંતા જોવા મળી રહી છે. જોકે, પાલિકાના આરોગ્ય વિભાગે સત્તાવાર રીતે શહેરમાં કોઈ રોગચાળાની સ્થિતિ ન હોવાનું જણાવ્યું છે. બીજી તરફ, કેટલીક ખાનગી હોસ્પિટલોમાં કોવિડ અને H1N1 જેવા શ્વસન ચેપના દર્દીઓ સારવાર લઈ રહ્યા હોવાની માહિતી સામે આવી છે.

મળતી માહિતી મુજબ ફતેગંજ, છાણી અને વારસિયા વિસ્તારના કેટલાક દર્દીઓ ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ઉપરાંત છાણી એકતા નગરના એક દર્દીમાં સ્વાઈન ફ્લૂના શંકાસ્પદ લક્ષણો અને રાજપીપળાના એક દર્દીમાં કોવિડના લક્ષણો નોંધાયા હોવાનું જાણવા મળ્યું છે. સરકારી સયાજી હોસ્પિટલમાં પણ પેટલાદના એક કોવિડ દર્દીની સારવાર ચાલી રહી છે અને તેની સ્થિતિ સ્થિર હોવાનું તબીબોએ જણાવ્યું છે.

ચોમાસામાં ડેન્ગ્યુ, મેલેરિયા ઉપરાંત શ્વસન ચેપના કેસો વધતા હોવાથી આરોગ્ય વિભાગે અસરગ્રસ્ત વિસ્તારોમાં પાવડર છંટકાવ સહિતની કામગીરી શરૂ કરી છે. આરોગ્ય વિભાગ દ્વારા લોકોને સ્વચ્છતા જાળવવા, ભીડભાડવાળી જગ્યાએ જરૂર જણાય ત્યારે માસ્કનો ઉપયોગ કરવા, હાથ વારંવાર ધોવા અને તાવ કે શ્વસન સંબંધિત લક્ષણો દેખાય તો તાત્કાલિક તપાસ કરાવવાની સલાહ આપવામાં આવી છે. શહેરમાં હાલ પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને જરૂર પડે ત્યાં આરોગ્ય ટીમો દ્વારા સર્વેલન્સ તેમજ તકેદારીના પગલાં લેવામાં આવી રહ્યા છે.

તાવ, ઉધરસ, ગળામાં દુખાવો અથવા શ્વાસ લેવામાં તકલીફ જેવા લક્ષણો જણાય તો જાતે દવા લેવાને બદલે તબીબી સલાહ લેવાની અપીલ કરવામાં આવી છે. ખાસ કરીને વૃદ્ધો, બાળકો, ગર્ભવતી મહિલાઓ અને ગંભીર બીમારી ધરાવતા લોકોએ વધુ સાવચેતી રાખવાની જરૂર હોવાનું તબીબોએ જણાવ્યું છે.

## વડોદરામાં ૨,૭૦૦થી વધુ ખાડા પૂરવા મનપાનું અભિયાન શરૂ



(પ્રતિનિધિ) વડોદરા, તા. 28

ચોમાસા દરમિયાન શહેરના માર્ગો પર પડેલા ખાડાઓની સમસ્યાના ઉકેલ માટે વડોદરા મહાનગરપાલિકાએ ચારેય ઝોનમાં વિશેષ સર્વે હાથ ધરી **2,700થી વધુ નાના-મોટા ખાડા** ચિહ્નિત કર્યા છે. હવે આ તમામ ખાડા પૂરવા અને પેચવર્કની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરવામાં આવી છે.

મનપાએ એન્જિનિયરિંગ અને રોડ પ્રોજેક્ટ વિભાગની ટીમોને મેદાનમાં ઉતારી કોલ્ડ મિક્સ અને હોટ મિક્સ પદ્ધતિથી મરામત કામગીરી શરૂ કરી છે. તંત્રે સ્પષ્ટ કર્યું છે કે સમારકામની ગુણવત્તામાં કોઈ સમાધાન કરવામાં આવશે નહીં. નબળી ગુણવત્તાનું કામ કરનાર કોન્ટ્રાક્ટરો સામે દંડાત્મક કાર્યવાહી ઉપરાંત જરૂર પડે તો બ્લેકલિસ્ટ કરવાની કાર્યવાહી પણ હાથ ધરાશે.

મનપાએ નાગરિકોને પણ સહભાગી બનવાની અપીલ કરી છે. રસ્તા પર પડેલા ખાડાની માહિતી સિટીઝન એપ, કંટ્રોલ રૂમ અથવા વોટ્સએપ હેલ્પલાઈન મારફતે ફોટો અને લોકેશન સાથે મોકલવા જણાવાયું છે, જેથી તાત્કાલિક મરામત કરી વાહનચાલકોને રાહત મળી શકે.

શહેરના વિવિધ બ્રિજો પર 28 દિવસમાં છઠ્ઠો અકસ્માત સર્જાયો

## ફતેગંજ બ્રિજ પર એસટી બસ-એકટીવાની ટક્કરમાં વિદ્યાર્થીનીનું મોત, ચાલક ફરાર

**મહિલા** તબીબે રસ્તા પર જ મૃતકને સારવાર આપી

**ઈજાગ્રસ્ત** બે વિદ્યાર્થિનીઓને સારવાર અર્થે ખસેડાયા



(પ્રતિનિધિ) વડોદરા, તા.28

વડોદરા શહેરના ફતેગંજ અટલ બ્રિજ પર ફરી એક વખત ગંભીર અકસ્માત સર્જાયો હતો. એકટીવા અને એસટી બસ વચ્ચે થયેલી ટક્કરમાં વાડી વિસ્તારમાં રહેતી અને ધો.10 બાદ નર્સિંગમાં પ્રવેશ માટે પ્રયત્ન કરતી વિદ્યાર્થીની તૃપ્તિ માળીનું દુઃખદ મોત થયું હતું. જ્યારે બીજી બે વિદ્યાર્થિનીઓને સામાન્ય ઈજા પહોંચી હતી. અકસ્માત બાદ એસટી બસનો ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.

મળતી માહિતી મુજબ અકસ્માત સમયે ત્યાંથી પસાર થઈ રહેલા એક મહિલા તબીબે અસાધારણ માનવતા દાખવી હતી. તેમણે પોતાની કાર બ્રિજ પર જ સાઈડમાં મૂકી દીધી અને ઈજાગ્રસ્ત યુવતીને તાત્કાલિક મદ કરી હતી. તબીબે જણાવ્યું કે, એક પેશન્ટ લોહીલુહાણ હાલતમાં હતી. સાઈડમાં ભીડ હતી તો પણ ટ્રાફિકની પરવા કર્યા વગર મેં ગાડી રોકી દીધી. તેના શ્વાસ ખૂબ ધીમા અને નબળા હતા. રોડ પર વધુ બ્લડિંગ થઈ રહ્યું હતું. મેં પ્રાથમિક શ્વાસની ક્રિયા અને મસાજ ચાલુ રાખ્યા. થોડીવારમાં 108 એમ્બ્યુલન્સ આવી ગઈ અને તેને સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવી. છેલ્લે સુધી તેના શ્વાસ ચાલુ હતા, પરંતુ હોસ્પિટલમાં તેને બચાવી શકાઈ નહીં. આ બાબતનું અમને ખૂબ દુઃખ છે. ચિંતાજનક બાબત એ છે કે છેલ્લા માત્ર 28 દિવસમાં ફતેગંજ અને અટલ બ્રિજ પર આ છઠ્ઠો અકસ્માત સર્જાયો છે. સતત અકસ્માતો છતાં બ્રિજ પર ટ્રાફિક સલામતી માટે પૂરતી વ્યવસ્થા, સ્પીડ નિયંત્રણ કે અસરકારક પગલાં ન લેવાતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ઘટનાની જાણ થતાં જ ફતેગંજ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને આગળની કાર્યવાહી કરવા સાથે ફરાર એસટી બસ ચાલકની શોધખોળ હાથ ધરવામાં આવી છે.